# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મ્યાનમારના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાંથી "ખેત બચાવો અભિયાન" શરૂ કરશે.

3) દસ રાજ્યોની 24 રાજ્યસભા બેઠકોની ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થશે

4) ઈરાન સાથેનો પ્રસ્તાવિત કરારમાં પરમાણુ મુદ્દાઓને સામેલ નથી તેવા દાવાને ટ્રમ્પએ ફગાવ્યાં

5) પ્રખ્યાત ગાયિકા સુમનનું કલ્યાણપુરનું 89 વર્ષના નિધન

6) રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટથી હરાવીને સતત બીજી વખત IPL ટાઇટલ જીત્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM -MYANMAR PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મ્યાનમારના રાષ્ટ્રપતિ ઓ મીન આંગ લિંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. ચર્ચાઓ બંને દેશો વચ્ચેના ઐતિહાસિક અને સભ્યતા સંબંધોને વધુ મજબૂત બનાવવા પર કેન્દ્રિત રહેશે. આ વાટાઘાટોમાં સુરક્ષા અને કનેક્ટિવિટી સહિત પરસ્પર સહયોગ સંબંધિત વિવિધ મુદ્દાઓને પણ આવરી લેવામાં આવશે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં મ્યાનમારના રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી હતી.

રાષ્ટ્રપતિ આંગ લિંગ શનિવારે ભારતની પાંચ દિવસની મુલાકાતે બિહારના ગયા પહોંચ્યા હતા. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. રાષ્ટ્રપતિ તરીકે આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે. રાષ્ટ્રપતિ આંગ લિંગ આવતીકાલે મુંબઈ પણ જશે, જ્યાં તેઓ ઉદ્યોગ અને વ્યાપાર સમુદાયના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે.

# KHET BACHAO ABHIYAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાંથી "ખેત બચાવો અભિયાન" શરૂ કરશે. આ અભિયાન 30 જૂન સુધી ચાલશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ખાતરોના સંતુલિત અને યોગ્ય ઉપયોગને પ્રોત્સાહન આપવાનો, હવામાન સંબંધિત પડકારો વચ્ચે ખેડૂતોને સમયસર સલાહ આપવાનો અને પંચાયત સ્તરે જનભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે.

શ્રી ચૌહાણે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પાક વીમા યોજના અને માટી આરોગ્ય કાર્ડ જેવી યોજનાઓના લાભ ખેડૂતોને આપવા પર ખાસ ભાર મૂકવામાં આવશે. કૃષિ મંત્રીએ આ અભિયાનને જનભાગીદારી દ્વારા વ્યાપક જન આંદોલન બનાવવા હાકલ કરી છે.

# INDIA-AUSTRALIA DEFENSE MINISTERS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ પ્રધાન રિચાર્ડ માર્લ્સ આજે નવી દિલ્હીમાં બીજા ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ મંત્રીઓના સંવાદની સહ-અધ્યક્ષતા કરશે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગને મજબૂત બનાવવા, સૈન્ય વચ્ચે તાલમેલ વધારવા અને સંરક્ષણ ઉદ્યોગમાં ભાગીદારી, સહ-વિકાસ અને સહ-ઉત્પાદનની તકો પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠકને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષાને મજબૂત બનાવવા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# RAJYSABHA

**દસ રાજ્યોમાં 24 રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થશે**

આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર-ચાર બેઠકો, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ત્રણ-ત્રણ બેઠકો, ઝારખંડમાં બે બેઠકો અને મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમમાં એક-એક બેઠક માટે મતદાન થશે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને જનતા દળ-એસના નેતા એચ.ડી. દેવગૌડા, કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના નેતાઓ જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ, અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિતના સભ્યોનો કાર્યકાળ આ મહિને સમાપ્ત થઈ રહ્યો છે.

આ ઉપરાંત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ઓડિશામાં એક-એક રાજ્યસભા પેટાચૂંટણી માટે પણ આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા અજિત પવાર અને તમિલનાડુથી AIADMK સાંસદ સી.વી. ષણમુગમના રાજીનામાથી આ બેઠકો ખાલી પડી છે. આજથી 8 જૂન સુધી નામાંકન દાખલ કરી શકાશે. મતદાન આ મહિનાની 18 મી તારીખે થશે. મતગણતરી પણ તે જ દિવસે થશે.

# CBSE PORTAL

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSE એ કહ્યું છે કે, તે ઓનમાર્ક પોર્ટલમાં જોવા મળતી ખામીઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે, જે તાજેતરમાં સામે આવી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, બોર્ડે કહ્યું કે વિવિધ સરકારી એજન્સીઓ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સાયબર સુરક્ષા નિષ્ણાતોની એક ટીમ છેલ્લા કેટલાક દિવસોથી આ સિસ્ટમોને મજબૂત બનાવવા અને પોર્ટલને વધુ સુરક્ષિત બનાવવા માટે કામ કરી રહી છે. બોર્ડે એમ પણ કહ્યું કે ઓળખાયેલી ખામીઓને દૂર કરવામાં આવી છે.

# MAHARASHTR ELECTION

મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિ ગઠબંધને આગામી વિધાનસભાની ચૂંટણી માટે 17 બેઠકોનું વિભાજન નક્કી કર્યું છે. કરાર મુજબ, ભાજપ 11 બેઠકો, શિવસેના ચાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-એનસીપી બે બેઠકો પર ચૂંટણી લડશે.

વિપક્ષ મહા વિકાસ આઘાડીએ 17 બેઠકોમાંથી 15 બેઠકો માટે પોતાનું વિભાજન જાહેર કરી દીધું છે, જેમાં કોંગ્રેસ આઠ, શિવસેના-યુબીટી ચાર અને શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી ત્રણ બેઠકો પર ચૂંટણી લડશે. બાકીની નાશિક અને નાંદેડ બેઠકો માટે ચર્ચા હજુ પણ ચાલુ છે. આ ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની આજે છેલ્લી તારીખ છે.

# TRUMP IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એવા મીડિયા અહેવાલોને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાન સાથેનો તેમનો પ્રસ્તાવિત કરાર પરમાણુ મુદ્દાઓને સામેલ  નથી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે કરાર સ્પષ્ટપણે જણાવે છે કે ઈરાનને પરમાણુ હથિયાર મેળવવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને તેમાં પરમાણુ પ્રવૃત્તિઓ સંબંધિત વિગતવાર જોગવાઈઓ શામેલ છે.

મીડિયા અહેવાલો અનુસાર, ટ્રમ્પ ઈરાન પાસેથી હોર્મુઝ સામુદ્રધુનીને ફરીથી ખોલવા અને તેહરાન માટે નાણાકીય લાભો પર મર્યાદા ઇચ્છે છે.

ટ્રમ્પે એમ પણ જણાવ્યું કે, અમેરિકા ઈરાનના અત્યંત સમૃદ્ધ યુરેનિયમના ભંડાર પર નિયંત્રણ લેશે અને તેનો નાશ કરશે. જોકે, ઈરાને કહ્યું છે કે તેના પરમાણુ કાર્યક્રમની વિગતો હાલમાં ચર્ચા થઈ રહી નથી અને ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈપણ કરારમાં નાણાકીય જોગવાઈઓ શામેલ હોવી જોઈએ.

ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફે કહ્યું કે જ્યાં સુધી ઈરાનના અધિકારોનું રક્ષણ ન થાય ત્યાં સુધી તેહરાન કોઈપણ સોદાને મંજૂરી આપશે નહીં.

# SUMAN KALYANPUR –DEATH

પ્રખ્યાત ગાયિકા સુમન કલ્યાણપુરનું ગઈકાલે મુંબઈ ખાતે તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ 89 વર્ષના હતા. તેઓ 1950 થી 1970 ના દાયકા સુધી હિન્દી, મરાઠી અને અન્ય ઘણી ભારતીય ભાષાઓમાં ફિલ્મ સંગીતમાં તેમના મધુર ગાયન માટે જાણીતા હતા. તેમનો જન્મ 28 જાન્યુઆરી, 1937 ના રોજ બાંગ્લાદેશના ઢાકામાં થયો હતો.

તેમણે 1950 ના દાયકાના મધ્યમાં હિન્દી ફિલ્મમાં પ્રવેશ કર્યો હતો અને સુપ્રસિદ્ધ સંગીતકારો અને ગાયકો, ખાસ કરીને મોહમ્મદ રફી સાથે સેંકડો ગીતો ગાયા હતા. તેમના કેટલાક સૌથી પ્રખ્યાત ગીતોમાં "આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચા"ના કરતા પ્યાર", "તુમને પુકારા ઔર હમ ચલે આયે" શામેલ છે. તેમણે મરાઠી સંગીતમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, સહિતના નેતાઓએ સુમન કલ્યાણપુરના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ, આજે ગુજરાત, કેરળ, માહે, લક્ષદ્વીપ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઓડિશા, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMD અનુસાર, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં વાવાઝોડા અને કરા પડવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ રાજસ્થાનમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે.

દિલ્હીમાં આંશિક વાદળછાયું આકાશ રહેવાની સાથે હળવા  વરસાદ અને વાવાઝોડાની  પણ આગાહી  છે.

# IPL FINAL

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટથી હરાવીને સતત બીજી વખત IPL ટાઇટલ જીત્યું.

ફાઇનલમાં, ગુજરાત ટાઇટન્સે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 156 રનનો લક્ષ્યાંક આપ્યો. વિરાટ કોહલીના અણનમ 75 રનની મદદથી બેંગ્લોરે બે ઓવર બાકી રહેતા મેચ જીતી લીધી.

અગાઉ, ગુજરાતે 20 ઓવરમાં 155 રન બનાવ્યા, જેમાં વોશિંગ્ટન સુંદરે 37 બોલમાં અણનમ 50 રન બનાવ્યા. બેંગ્લોરે માટે રસિક સલામ દારે ત્રણ વિકેટ લીધી, જ્યારે ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડે બે-બે વિકેટ લીધી. વિરાટ કોહલીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રાજસ્થાનના ખેલાડી વૈભવ સૂર્યવંશીને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો. સૂર્યવંશીએ 776 રન બનાવ્યા અને ઓરેન્જ કેપ પણ જીતી, 15 વર્ષની ઉંમરે ઓરેન્જ કેપ મેળવનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો. કાગીસો રબાડાએ સિઝનમાં 29 વિકેટ સાથે પર્પલ કેપ જીતી.

મનીષ પાંડેને બેકવર્ડ પોઈન્ટ પર ટિમ ડેવિડને આઉટ કરવા બદલ કેચ ઓફ ધ સીઝનનો એવોર્ડ મળ્યો. મોહમ્મદ સિરાજને સિઝનમાં સૌથી વધુ ડોટ બોલ ફેંકવા બદલ પુરસ્કાર મેળવ્યો .

સાઈ સુધરસનને સિઝનમાં સૌથી વધુ 75 ચોગ્ગા ફટકારવા માટે પુરસ્કાર મળ્યો હતો.

# WB -CABINET EXPAND

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી આજે તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરશે. મંત્રી પરિષદમાં 35 નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે.

શપથ ગ્રહણ સમારોહ આજે સવારે 11 વાગ્યે લોકભવન ખાતે યોજાશે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ગત 9મી  મેના રોજ પાંચ કેબિનેટ મંત્રીઓની ટીમ સાથે પદ સંભાળ્યું હતું.

મંત્રીમંડળના વિસ્તરણ પછી, રાજ્ય સરકારમાં કુલ મંત્રીઓની સંખ્યા 41 થઈ જશે. આ સંખ્યા 294 સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભા માટે નિર્ધારિત બંધારણીય મર્યાદામાં હશે.

- **આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર**
- આજના મુખ્ય અખબારોએ આઇપીએલ ક્રિકેટમાં RCBની જીતના સમાચારને મુખ્ય હેડ લાઇન બનાવી છે
- સંદેશે RCB ટીમની તસવીરો સાથે GT હાર્યું ,RCB સતત બીજી વાર IPL ચેમ્પિયન ને મુખ્ય શીર્ષકમાં છાપ્યા છે
- ગુજરાત સમાચારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સતત બીજી વખતે IPL ચેમ્પિયન ને તસવીર સાથે મુખ્ય પાન પર સ્થાન આપ્યું છે
- દિવ્ય ભાસ્કરે RCB ફરી ચેમ્પિયન ત્યારે 18 વર્ષ લાગ્યા .. હવે 12 મહિનાને તસવીરો સાથે મુખ્ય મથાળું બનાવ્યું છે.
- નવ ગુજરાત સમયે બેગલોરનો વિરાટ વિજય .. સળંગ બીજી વાર તાજ અને ફૂલછાબે RCB ધુરંધર -2 : ફરી IPL કિંગ ને હેડલાઇન બનાવી છે
- સ્થાનિક સમાચારોમાં હવામાનમાં અંગેના સમાચારને દરેક અખબારે સ્થાન આપ્યું છે જેમાં સંદેશે રાજ્યમાં 50 તાલુકામાં વરસાદ અને વિરપુર અને મોડાસામાં એક ઇંચ વધુ વરસાદ .. દિલ્હી અને યુ.પી સાથે 19 સહિતની રાજ્યમાં ભારે વરસાદની આગહીને છેલ્લા પાન પર છાપ્યા છે ફૂલછાબે વરસાદના એલર્ટ વચ્ચે કેદારનાથ યાત્રા ઉપર રોકને મુખ્ય પાન પર છાપ્યા છે